# સે-૧૬માં બિનવારસી સ્કુટરની ડેકીમાંથી દારૂની બોટલો મળી

ગાંધીનગર, તા.૧૫

શહેરની સેકટર-૨૧ પોલીસની ટીમે બાતમીને આધારે સે-૧૬ જ-૨ કેટેગરીના સરકારી બ્લોક નીચે પડેલા બિનવારસી સ્કુટરની તપાસ કરી હતી. ડેકી તપાસતા તેમાંથી દારુની બોટલો મળી આવી હતી. સ્કુટર માલિકનું ઘર બાજુમાં જ હોવાનું જાણવા મળતા પોલીસે ઘરમાં તપાસ કરી તો ત્યાંથી પણ દારુ મળી આવ્યો હતો. સે-૨૧ પોલીસે ૧૮ નંગ દારુ કબ્જે કરીને બુટલેગરની શોધખોળ શરુ કરી છે.

સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ સી.બી. ચૌહાણને ગઈ રાત્રે બાતમી મળી હતી કે સે-૧૬ જ-૨ ટાઈપ કેટેગરીના એક બ્લોક નીચે બિનવારસી હાલતમાં પડેલા સ્કુટર નં. એ.એસ. ૦૩ એ ૯૯૦૭ની ડેકીમાં દારુની બોટલો પડી છે. જેને આધારે પોલીસની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી અને સ્કુટરની ડેકી ચેક કરતાં તેમાંથી ૬ નંગ દારુની બોટલો મળી આવી હતી. પડોશીઓએ સ્કુટર માલિકનું ઘર બતાવતા પોલીસ બ્લોકનં. ૫૫૧/૧૨માં પહોંચી હતી જયાં કોઈ હતું નહી પરંતુ ત્યાંથી પણ દારુની ૧૨ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૧૮ નંગ બોટલ તથા સ્કુટર મળીને રૂ. ૧૩,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરની શોધખોળ શરુ કરી છે.




પથિકાશ્રમ ગણેશોત્સવ પ્રસંગે 'ડાન્સ કોમ્પીટીશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાઆરતી પ્રસંગે બ્રહમાકુમારીઝ સંચાલિકા પુ. કૈલાશદીદી, લાયોનેસ કલબનાં પ્રમુખ શ્રીમતી આરતી ભટ્ટ, ગાંધીનગર ડોકટર એસોસીએશન પ્રમુખ શ્રી ડૉ. પ્રદીપ ભાવસાર તેમજ પથિકાશ્રમ એમ.ડી. અંબુસિંહજી ગોલ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-૨૨ ગણેશોત્સવમાં કોમેડી નાટકે દર્શકોને પેટ ભરીને હસાવ્યા

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા નગરમાં ૪૪માં ગણેશોત્સવનું ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવેલ છે. મહોત્સવના છઠ્ઠા દિવસે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સૌજન્યથી મજેદાર ધમાકેદાર ગુજરાતનું એક માત્ર ધમાલ કોમેડી નાટક 'ત્રણ... ડોબા... તોબા... તોબા...' રજુ કરવામાં આવ્યું હતું. આ નાટકને નિહાળવા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત માજી સાંસદ સભ્યશ્રી રતીલાલ વર્માનું સમિતિના શ્રી હિરેન શાસ્ત્રી દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આજનો કાર્યક્રમ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સાજન્યથી મજેદાર ધમાકેદાર ગુજરાતનું એક માત્ર ધમાલ કોમેડી શશીકાંત શાહ અને ઈલેશ ખાંભાલા નિર્મિત મૃગેશ દેસાઈ લિખિત નિશિથ બ્રહ્મભટ્ટ દિગ્દર્શિત નાટક 'ત્રણ...ડોબા...તોબા...તોબા...' રજુ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત નાટકને નિહાળવા નગરજનોએ મોટી સંખ્યામાં ઉત્સાહ દાખવ્યો હતો.

## સે-૨૪ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર પાસે બાપા સીતારામ મઢુલી ખાતે ટ્રસ્ટ મારફતે ૪ દિવસ નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.

બાપા સીતારામ સેવા ટ્રસ્ટ દ્વારા શહેરના સે-૨૪ ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરની બાજુમાં બાપા સીતારામ મઢુલી ખાતે આજે તા. ૧૫ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૩ સવારે ૭.૩૦થી ૯ વાગ્યા સુધી ચિકનગુનિયા, તાવ, સાંધાનો દુખાવો અને વાયરલ ફીવર જેવા વિવિધ રોગોને નિવારવા આયુર્વેદિક ઔષધિના ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરાશે તો સર્વે શહેરીજનોને આ ઉકાળાનો દવા સ્વરૂપે લાભ લેવા આયોજકોએ અનુરોધ કર્યો છે.


# એબસ્કોન્ડર સ્કવોર્ડે વધુ એક વોન્ટેડ આરોપીને ઝડપી પાડયો

## ચોરીનો માલ સામાન રાખનાર દહેગામનો રીસીવર વેપારી ૬ વર્ષથી નાસતો ફરતો હતો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડ દ્વારા વધુ એક નાસતો ફરતો આરોપી ઝડપી લેવામાં આવ્યો છે. ૬ વર્ષથી ચોરીનો સામાન રાખવાના ગુનામાં નાસતો ફરતો દહેગામનો દુકાનદાર આ સ્કવોર્ડના હાથે આવી જતાં તેને પકડી પાડી સંબધીત પોલીસને હવાલે કરવામાં આવ્યો છે. તેનું નામ વર્ષ ૨૦૦૭માં કડી પોલીસ સ્ટેશનમાં ખુલવા પામ્યું હતું.

એબસ્કોન્ડર સ્કવોર્ડના પી.એસ.આઈ. ઓ.એમ.દેસાઈ તથા તેમની ટીમે બાતમીને આધારે દહેગામના આદીનાથ સોસાયટીમાં રહેતો અને મુળ રાજસ્થાનના શખ્સ ઓમપ્રકાશ નંદલાલ શાહને ઝડપી લીધો છે. ઓમપ્રકાશ શાહ દહેગામમાં વાસણની દુકાન ચલાવે છે. વર્ષ ૨૦૦૭માં કડી પોલીસ સ્ટેશનમાં આ શખ્સનું નામ ચોરીનો મુદ્દામાલ રાખવામાં 'રીસીવર' તરીકે ખુલવા પામ્યું હતું. એબસ્કોન્ડર સ્કવોર્ડે રીસીવરની ધરપકડ કરી લઈને ૬ વર્ષથી વોન્ટેડ એવા ઓમપ્રકાશ શાહને કડી પોલીસ સ્ટેશન મોકલી આપ્યો છે.



ભુવનેશ્વર સે-૬ ખાતે ગણેશોત્સવનાં છઠ્ઠા દિવસે ભજન સમ્રાટ પરેશભાઈ વેડાયા અને હાસ્યનું હલ્લક કહેવાતા જીતુભાઈ દ્વારકાવાળા દ્વારા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડી રાત્રી સુધી ચાલેલા આ ડાયરાના કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા સમાજનાં વિશિષ્ટ વ્યકિતઓનું સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# મહારાષ્ટ્ર સમાજના ગણેશોત્સવમાં પધાર્યા ગાંધીનગરના મહાનુભાવો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સેકટર-૨૧માં મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે ૨૫મો ગણેશોત્સવ ધામધુમપૂર્વક યોજાયો. સાત દિવસનાં આ ઉત્સવમાં ગાંધીનરના નામાંકીત અને ગણમાન્ય લોકો આરતી ઉતારવા હાજર રહ્યા હતા.

સમાજના કોષાધ્યક્ષ સુભાષચંદ્ર લિમગાવકરનાં ઘરેથી દાદાની સવારી વાજતે ગાજતે સમાજ ભવને આવી હતી. સાંજની આરતી ઉપાધ્યક્ષ સંતોષ મૂળેના હસ્તે થઈ જેમાં વોર્ડ નં. ૪ના નગરસેવાકો પ્રવીણ પટેલ - ક્વોલીટી,, અશ્વીન વ્યાસ-કુકર અને ભાવનાબા વાઘેલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

બીજા દિવસે મુખ્ય ટ્રસ્ટી સુધીર વિચારેના હસ્તે આરતી થઈ અને સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન આશીષ દવે, કોર્પોરેટર મનુભાઈ પટેલ અને દેવેન્દ્રસિંહ ચાવડા, જીગાબાબુ હાજર રહ્યા હતા. ત્રીજા દિવસે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને વિનાયક પ્રોપર્ટીના વિક્રાંત પુરોહીત હાજર રહ્યા હતા. શુક્રવારે મહાઆરતી ઉતારવા ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મરાઠી આરતી અને તાલ-મૃદંગના નાદથી રોમાંચીત થયા હતા. શનીવારે મહારાષ્ટ્ર સમાજની સૌભાગ્યવતી મહિલાઓ માટે હલ્દી-કંકુનો કાર્યક્રમ થયો અને આરતી સમાજના ઉપાધ્યક્ષ સંજય થોરાતના હસ્તે થઈ હતી.

અંતિમ દિવસે આરતીમાં ગેઝીયાનાં પ્રમુખ એચ.એમ. પટેલ હાજર રહ્યા હતા. આ સમગ્ર ઉત્સવ દરમ્યાન ભજન-સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. સમાજનાં પ્રમુખ સોમનાથ ખાંદારે, અતૂલ કરમરકર, ચંદ્રકાન્ત કાંબળે, સંદીપ પાંગે, પ્રકાશ વિચારે, બાલારામ ખાંદારે, કેપ્ટન દેસાઈએ ગણેશોત્સવને ભક્તિભાવપૂર્ણ બની રહેવા અત્યંત મહેનત કરી હતી. સમગ્ર ઉત્સવમાં ગાંધીનગરના મહાનુભાવો પધારતાં અને ગણેશોત્સવની શોભા વધારતાં તેમનો મહારાષ્ટ્ર સમાજ વતી આભાર સંજય થોરાત, સંતોષ મૂળે અને સુધીર વિચારેએ માન્યો હતો.



# ચિલોડામાં ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી

**ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર ચિલોડા ગામમાં ચાલુ સાલે યુવક મંડળ આયોજીત ગણેશોત્સવની ઉજવણીના ભાગરૂપે ભાદરવા સુદ ચોથના દિવસથી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. આ સાથે રામજી મંદિરની પાસે ગણેશજીની મૂર્તિનું સ્થાપન શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કરવામાં આવ્યું હતું.**

**આ મહોત્સવ નિમિત્તે સવારે તથા રાત્રિ સમય દરમિયાન ગણેશજીના ભકતજનો દ્વારા આરતી ઉતારવાનો લ્હાવો લઈ રહ્યા છે. ત્યારબાદ રાત્રે મહિલા ભજનમંડળની બહેનો દ્વારા ભજન કિર્તન તથા રાસ ગરબાના કાર્યક્રમથી ભકતજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગણપતિ દાદાના આર્શીવાદ મેળવી રહ્યા છે. આ ગણેશોત્સવમાં યુવાનો દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં યુવાનોએ બેન્ડવાજા સાથે ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમનો લ્હાવો માણ્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ)**

# સેક્ટર-૫-બી વિનાયક મિત્રમંડળ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૫માં ગણેશોત્સવની ઉજવણી દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ અને રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

વિનાયક મિત્ર મંડળ દ્વારા આયોજીત સેક્ટર-૫-બીમાં આવેલ ગણેશ ચોકમાં ગણેશોત્સવ દરમ્યાન બાળકોમાં માનસિક અને શારિરીક ક્ષમતાનો વિકાસ થાય તે હેતુસર વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધ લેખન, નૃત્ય સ્પર્ધા, ગીત-સંગીત, આરતી સુશોભન જેવી રચનાત્મક સ્પર્ધાઓની સાથે સાથે ચેસ, લીંબુ-ચમચી, દોરડાકૂદ જેવી રમતોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સારી એવી સંખ્યામાં બાળકોએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સમગ્ર કાર્યક્રમને કિલ્લોલથી ભરી દીધો હતો. પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય ઓલમ્પીક રમત તલવારબાજી (ફેન્સીંગ)નું દિલધડક નિદર્શન કર્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમમાં વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. રવિવારે ગણેશોત્સવનું રંગેચંગે સમાપન કરી ગણપતિ વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં વસાહતના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે દર વર્ષની પરંપરા મુજબ ભાદરવા સુદ-૧૧ના દિવસે ગ્રામજનો આયોજિત જલણી અગિયારસ નિમિત્તે રામજી મંદિરથી ભગવાન રામ સુશોભિત પાલખીમાં વિરાજમાન કરી વાજતે-ગાજતે ઘરે-ઘરે પધરામણી કરવામાં આવી હતી. આ પર્વ નિમિત્તે રામજી મંદિરના આયોજકો દ્વારા વહેલી સવારેથી ગામના રહીશો ભગવાનની પૂજા-અર્ચના કરી આરતીનો લ્હાવો લઈ દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ પ્રસંગે ગ્રામજનો તથા શક્તિ પ્રમાણે ધર્મદાન રૂપે દીવા માટે ઘી, પ્રસાદ તથા રોકડ બક્ષિસ આપી સેવામાં યોગદાન આપી ધન્યતા અનુભવે છે.



**સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવમાં 'ત્રણ ડોબા તોબા તોબા' નાટક ભજવાયું**

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા નગરમાં ૪૪માં ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહેલ છે. મહોત્સવના છઠ્ઠા દિવસે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સૌજન્યથી મજેદાર ધમાકેદાર ગુજરાતનું એક માત્ર ધમાલ કોમેડી નાટક 'ત્રણ ડોબા... તોબા... તોબા..' રજુ કરવામાં આવ્યું હતું. આ નાટકને નિહાળવા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆતમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત માજી સાંસદ સભ્યશ્રી રતિલાલ વર્માનું સમિતિના શ્રી હિરેન શાસ્ત્રી દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આજનો કાર્યક્રમ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સૌજન્યથી મજેદાર ધમાકેદાર ગુજરાતનું એક માત્ર ધમાલ કોમેડી શશીકાંત શાહ અને ઈલેશ ખાંભાલા નિર્મિત મૃગેશ દેસાઈ લેખિત નિશિથ બ્રહ્મભટ્ટ દિગ્દર્શિત નાટક 'ત્રણ ડોબા... તોબા... તોબા..' રજુ કરવામાં આવ્યું હતું. ઉપરોકત નાટકને નિહાળવા નગરજનોએ મોટી સંખ્યામાં ઉત્સાહ દાખવ્યો હતો. નગરની સામાજીક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાના અગ્રણીઓ-સંચાલકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ સમિતિના અધ્યક્ષશ્રી નિશિત વ્યાસે આભાર વ્યકત કર્યો હતો.

# ગાંધીનગર આઈ.ટી.આઈ.માં ફ્રેન્ચ ભાષાની તાલીમનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) સેક્ટર-૧૫ ખાતે ફ્રેન્ચ વિદેશી ભાષા શીખવવાના વ્યવસાયલક્ષી કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. જેમાં ભાષાની તાલીમ માટેના વર્ગો ગત તારીખ ૧ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવેલ છે. પરંતુ પ્રવેશ મેળવવા ઉત્સુક તાલીમાર્થીઓને તાત્કાલિક દિન ૨માં રૂબરૂ આઈ.ટી.આઈ.નો સંપર્ક કરી તાત્કાલિક પ્રવેશ મેળવી લેવો તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય દ્વારા જણાવાયું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૩

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હૉરર સ્ટૉરી : ૧૦.૧૫, ૩.૧૦, ૮.૦૫
જૉન ડે : ૧૨.૨૫, ૫.૨૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ગ્રાન્ડ મસ્તી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

ગ્રાન્ડ મસ્તી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
જૉન ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
હૉરર : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦
એસ ડી રૉમાન્સ : ૧.૦૦, ૮.૦૦
ગ્રાન્ડ મસ્તી : ૫.૩૦

### ચિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાની આનંદ થશે. આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. વ્યાપાર-વ્યવસાયમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.કૌટુંબિક વિખવાદોનો અંત આવશે. સાહિત્યમાં રુચિ વધશે. ધર્મમાં આસ્થા વધશે. લાભનો માર્ગ મોકળો થશે.

**વૃષભ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણ થવાની સંભાવના છે. મુશ્કેલીઓ દૂર થશે. લાભદાયક સમાચાર પ્રાપ્ત થશે. યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતાઓમાંથી બહાર આવી શકશો.

**મિથુન** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત થશે. મકાન સંબંધી સમસ્યાનું સમાધાન થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ વધારો થઈ શકે છે. વ્યાપાર- રોજગારક્ષેત્રમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે.યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે.

**સિંહ** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થશે. જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. વેપાર સારો ચાલશે. અગત્યનું કાર્ય પૂર્ણ થવાથી પ્રસન્નતા થશે. વિરોધીથી સાવધારન રહેવું. લાભનો માર્ગ મોકળો થઈ શકે છે.

**કન્યા** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. નોકરીમાં અધિકારીઓનો સહયોગ પ્રાપ્ત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓથી આજે સુખમય નિરાકરણ આવશે. વ્યાપારક્ષેત્રમાં આવી પડેલી ચિંતા દુર થઈ શકશે.

**તુલા** : કુટુંબિજનો અને મિત્રોનો સાથ-સહકાર મળવાથી કાર્યમાં પ્રગતિ પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની પ્રસંશા થશે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફો ઉભી થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે.

**ધન** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર- વિમર્શનો યોગ બની રહ્યો છે. કોઈપણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી વિચારીને નિર્ણય લેવો.

**કુંભ** : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. માન-સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. મનોરંજનમાં સમય પસાર થશે.

**મીન** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. પુરુષાર્થનું પરિણામ પ્રાપ્ત થઈ થશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે.

## ચિરવિદાય

- સ્વ. વાલજીભાઈ માધાભાઈ દેસાઈ (ઉ.વ.૮૫) બ્લોક નં. ૨૧૩, સહકાર કોલોની, સેકટર- ૨૫, ગાંધીનગર.
- સ્વ. અભય મંગલદેવ દૂબે (ઉ.વ. ૨૫) મુ.પો. રાજપુરા, તા. માણસા, જિ. ગાંધીનગર.